# વરસાદ ખેંચાવાથી ખેડૂતો ચિંતાતૂર



મહેસાણા, તા. ૨૭

ચાલુ વર્ષે ચોમાસું વરસાદ ખેંચાતા ઊંઝા તાલુકા સહિત સમગ્ર જિલ્લામાં ખેતીવાડીક્ષેત્રે ગંભીર સ્થિતિ પેદા થઈ છે. થોડા સમય પૂર્વે મોડે મોડે મેઘરાજાના આગમનથી ખેડૂતોએ ખરીફ પાકો અનાજ, કઠોળ, તેલીબીયા અને ઘાસચારાનું વાવેતર કર્યુ હતું. જોકે આ વાવેતર ગત વર્ષની સરખામણીએ ઘણું ઓછું થયું હતું. આમાં બાજરી અને કઠોળના પાકોનું વાવેતર સાવ ઓછું થયું હતું. દરમિયાન છેલ્લા કેટલાક દિવસોથી વરસાદ ન થતાં વાવેતરો નિષ્ફળ જાય તેવી સ્થિતિ પેદા થઈ છે.

મહેસાણા જિલ્લામાં શ્રાવણ માસનું એક સપ્તાહ વીતી જવા છતાં વરસાદ થયો નથી. જેથી વાવેતરો બચાવવા માટે ખેડૂતો જ્યાં ટ્યુબવેલોની સગવડ છે ત્યાં પિયત કરી રહ્યા છે. જ્યારે જ્યાં ટ્યુબવેલોની સગવડ નથી ત્યાં ખેડૂતો ચિંતાતુર બન્યા છે. ખેડૂતોએ મહા મુસીબતે ખેડ, ખાતર, બિયારણના જે ખર્ચા કર્યા છે તે માથે પડે તેમ જણાય છે. વરસાદના અભાવે ઊંઝા તાલુકા સહિત સમગ્ર જિલ્લામાં પશુધન માટે ઘાસચારાની તીવ્ર તંગી ઉભી થઈ છે. આ સાથે પશુઓને માટે પીવાના પાણી માટે પણ મુશ્કેલી સર્જાઈ છે. હાલમાં સુકા ઘાસચારાનો ભાવ ખૂબ વધી ગયો છે. અને ઘાસચારા માટે પશુપાલકો ફાંફા મારી રહ્યા છે.


અગાઉ ખેતીવાડીને લીધે ધમધમતા આ વિસ્તારમાં દુષ્કાળના ઓળા ઉતરે તેવી વિષમ સ્થિતિનું નિર્માણ થયું છે. દુષ્કાળની ઘેરી સ્થિતિને ધ્યાનમાં લઈ આ વિસ્તારમાં જિલ્લા વહિવટીતંત્ર દ્વારા વહેલી તકે ઘાસડેપો તેમજ રોજગારી મળી રહે તે માટે સત્વરે રાહત કામોશરૂ કરવા જોઈએ તેવું લોકો ઈચ્છે છે.

વરસાદની અનિયમિતતાથી ખેડૂતવર્ગમાં ખેતી પ્રત્યેનો ઉત્સાહ ઓછો થયો છે. ખેતી વિશેષજ્ઞોનું માનવું છે કે વરસાદ વધુ લંબાશે તો ઉત્તર ગુજરાતની ખેતીમાં મોટી ઓટ આવશે અને લોકોની હાલત કફોડી બની જશે. વરસાદ ખેંચાવાથી ચોમાસુ કરીફ પાકોની પેદાશો ઓછી ઉતરશે. જે ખેતીવાડી માટે સારા સંકેત નથી. આમ વર્તમાન સ્થિતિમાં ખેતીવાડી બચાવવી અતિ મુશ્કેલ બનતાં પાણીના અભાવે સમગ્ર વિસ્તાર સૂકાતો જાય છે.

આ વિસ્તારમાં સરકારે હજી ઘાસ ડેપો ખોલ્યા નથી કે ઘાસની વિતરણ વ્યવસ્થા પણ શરૂ કરી નથી. જેથી ઘાસના અભાવે પશુધન માટે ભૂખમારા જેવી સ્થિતિનું નિર્માણ થતાં માલધારીઓ તેમજ પશુપાલકો માટે મુંઝવણમાં મુકાયા છે. હાલ પૈસા ખર્ચવા છતાં ઘાસચારો મળતો નથી. આથી આગામી દિવસોમાં ખેતી અને ઢોરો માટે વિકટ પરિસ્થિતિ સર્જાશે તેમ જણાય છે. વરસાદની ગેરહાજરીમાં ગરીબ અને મજૂરીયાતવર્ગ માટે રોજીરોટીનો પ્રશ્ન પણ ઉભો થયો છે.

આ સાથે જીવનજરૂરીયાતની ચીજવસ્તુઓ જેવી કે, અનાજ, કઠોળ અને શાકભાજી, ખાદ્યતેલોના ભાવો આસમાને પહોંચ્યા જાય છે. વર્તમાન કારમી મોઘવારીમાં ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલ લોકોને મોટી મુશ્કેલી ઉભી થઈ છે. તેઓને જીવનનિર્વાહ ચલાવવું મુશ્કેલ થઈ પડ્યું છે.





(તસવીર : મગનજી વણઝારા)

હિંમતનગર-વિજાપુર રોડ પર પાણપુર પાટીયા પાસે આવેલ કે.જી.એન.હોટલ નજીક બનેલ ઘટનામાં વોરા-મેમણ સમાજના પ્રતિસ્ઠીત વેપારીઓ સામે નોંધાયેલ ફરિયાદ સંદર્ભે વોરા-મેમણ સમાજના અગ્રણીઓ દ્વારા વેપારીઓને તટસ્થ અને નિષ્પક્ષ તપાસ થકી યોગ્ય ન્યાય મળે તે હેતુથી જિલ્લા પોલીસ વડા અને કલેક્ટરને સમાજના અગ્રણી વેપારીઓએ આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.

## કપડવંજ-દહેગામ રોડ પર બમ્પ મુકવા ગ્રામજનોની માંગણી

કપડવંજ, તા. ૨૭

કપડવંજથી ગાંધીનગર વાયા મહમ્મદપુરાના ડાયવર્ઝન પર બમ્પ ન હોવાથી અવારનવાર અકસ્માતો સર્જાય છે. આ ત્રિપાંખિયા રોડ પર ગાંધીનગર, દહેગામ તથા નડીયાદ, આણંદ તેમજ અમદાવાદ તરફ જનારા વાહનો ભેગાં થાય છે. જેના કારણે પુષ્કળ ટ્રાફિક જામ થવાની સાથે વાહનોની અમર્યાદ ઝડપના કારણે પુષ્કળ ટ્રાફિક જામ થવાની સાથે વાહનોની અમર્યાદ ઝડપના કારણે છાશવારે વાહનોની ટક્કર સર્જાય છે.

કપડવંજનગરના આસપાસના હાઈવે તથા પુલ બાંધવાની કામગીરી સંદર્ભે હાલ ચહલપહલ જોવા મળી રહી છે. કપડવંજથી ગાંધીનગર તરફ જતાં સીંગલ પટ્ટી હાઈવે પર વાહનોની ભીડ ભાડ વધી પડી છે. નગરના પશ્ચિમે આવેલો પુત્ર સાંકડો પડતાં ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી. જેના કારણે સરકારે આ પુલને તોડી પાડી યોગ્ય પહોળાઈ ધરાવતો નવીન પુલ બનાવવાની કામગીરી ચાલી રહી છે ત્યારે અન્ય જગ્યાએ ડાયવર્ઝન આપવામાં આવેલ છે. જેમાં નડીયાદ રોડ પર બે કીમી દૂર આવેલા મહમ્મદપુરા ગામ પાસેથી ગાંધીનગર તરફ જવા ડાયવર્ઝન આપેલ છે. આ ત્રિપાંખિયા રોડ પર બમ્પ ન હોવાને કારણે અવારનવાર અકસ્માતો થાય છે. દહેગામ તરફથી આવતો રોડ નડીયાદ-કપડવંજ રોડને જ્યાં મળે છે તે જગ્યા ઉંચાણ ધરાવતી હોવાથી વાહનો બ્રેક મારી ન શકતાં સીધાં જ હાઈવે પર આવી જવાના બનાવો બને છે. બીજી તરફ નડીયાદ-કપડવંજ રોડ પરનાં વાહનો ક્યારેક મર્યાદા બહાર હંકારતાં બંને તરફનાં વાહનો બીડાઈ જાય છે, જેથી ક્યારેક જાનહાનિ અને ક્યારેક આર્થિક નુકસાન ભોગવવું પડે છે. સદર સમસ્યાના હલ માટે અહીં હાઈવે પર બમ્પ મુકવામાં આવે તેવી લોક માંગણી છે.

## સાબરકાંઠા મોડાસા અને પ્રાંતિજના બે શખ્સોને પાસા હેઠળ ધકેલાયા

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા મોડાસાના બે શખ્સોને દારૂ તેમજ કાળાબજારના ગુના હેઠળ પાસામાં અટકાયત કરી સુરેન્દ્રનગર અને જુનાગઢ જેલમાં મોકલી આપ્યા છે.

મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયા તેમજ જિલ્લા કલેક્ટર પ્રકાશ શિવહરેને બંને ઈસમો વિરૂદ્ધ અટકાયત કરવાની દરખાસ્ત મળતા પ્રાંતિજ તાલુકાના સાડોલીયા ગામના આદરસિંહ માનસિંહ રાઠોડ જે દારૂનો ધંધો કરતો હતો અને મોડાસા તાલુકાના સાપરા ગામના પિયુષભાઈ અમૃતલાલ પટેલને કાળાબજાર અટકાવવાના હૂકમ હેઠળ બંને શખ્સોને તા. ૨૬-૭-૧૨ના રોજ એલ.સી.બી. પી.આઈ. ડી. બી. ચુડાસમાએ અટકાયત કરી પાસા હેઠળ આદરસિંહને સુરેન્દ્રનગર જેલ ખાતે અને પિયુષને જૂનાગઢ જેલ ખાતે મોકલી આપ્યા છે.

## હડીયોલ ગામના ૩૨ દલિત પરિવારોને ફાળવાયેલા પ્લોટો ખાલસા તથા સભ્યો ઉપવાસ પર બેઠા

હિંમતનગર, તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના હડીયોલ ગામના ૩૨ દલિત પરિવારોને ગામતળના ફાળવાયેલા પ્લોટો સરકાર એ શરત ભંગ બદલ ખાલસા કરી દેતા હિંમતનગર કલેકટર કચેરી આગળ ન્યાય મેળવવા પરિવારના સભ્યોપ્રતિક ઉપવાસ પર એક ઈસમ આમરણાંત ઉપવાસ પર શુક્રવાથી બેઠા છે.

વિગત મુજબ હડીયોલ ગામના ૩૨ પરિવારોના પ્રતિક ઉપવાસ પર બેઠેલા સભ્યો અને આમરણાંત ઉપવાસ પર બેઠેલા અમૃતભાઈ હેમાભાઈ પંડયાએ જણાવ્યું હતું કે ગામમાં રહેતા ૩૨ અતિપછાત દલિત પરિવારોને ગામની સીમમાં આવેલા સર્વે નંબર ૮૧૦ અને ૮૧૩માં તા. ૮-૬-૨૦૦૭માં પંચાયત દ્વારા ગામતળની જમીનમાં અંદાજે ૧૦૫૦ ફૂટના પ્લોટો અંદાજે ૩૫ હજારની કિંમત ઘણી કુલ ૧૧ લાખ ૨૦ હજાર રૂપિયા લઈ પ્લોટો ફાળવી ઓગષ્ટ ૨૦૦૭માં સનદ આપવામાં આવી હતી ત્યાર બાદ વર્ષે ૨૦૦૮માં પંચાયતમાંથી રજા ચિઠ્ઠી મળી હતી. પણ એન.એ. થયેલા પ્લોટો પર પંચાયત દ્વારા રસ્તા, પાણી અને વીજળીની વ્યવસ્થા પણ આપવામાં આવી ન હતી છતા પણ વેચાતું પાણી લાવીને ચાર મકાનોનું કામકાજ શરુ કર્યું હતું. થોડા સમય બાદ ફાળવાયેલા પ્લોટના માલિકોને ડી.ડી.ઓ. દ્વારા શરતભંગની નોટીસ આપી હતી જે સામે માલિકોએ ખુલાસો આપ્યો હતો જે ખુલાસો ગ્રાહ્ય ન રાખી ડી.જી.ઓ. તા. ૨૦-૧૧-૨૦૧૧ના રોજ પ્લોટો ખાલસા કરી નોટીસ આપી હતી. જેથી અમે બધાએ આ અંગે જિલ્લા કલેકટર, પ્રાંત અધિકારી, મામલતદાર અને રાજયના મુખ્યમંત્રીને ન્યાય મેળવવા માટે જાણ કરી હતી પરંતુ કોઈ સંતોષકારક જવાબ મળ્યો ન હતો જેથી અમે જુન ૨૦૧૧માં અમદાવાદ ગ્રામ વિકાસ કમિશનર કચેરીમાં અપીલ કરી હતી પરંતુ ત્યાં પણ સરકાર તરફથી કોઈ હજાર ન રહેતા તેથી કમિશનરએ જયાં સુધી સરકારના અધિકારી જવાબ આપવા હાજર ન થાય ત્યાં સુધી મુદત પાડી હતી. ફરીથી આ અંગે પણ અમે રાજયના મુખ્યમંત્રીને જાણ કરી હતી. જવાબ ન મળતા ન્યાય મળે અને અમારા પ્લોટ પણ પાછા મળે તે માટે શુક્રવારથી જિલ્લા મથકની કચેરી નજીક લાયન્સ ગાર્ડન સામે અનિશ્ચિત મુદત માટે આમરણાંત અને પ્રતિક ઉપવાસ પર બેઠા છીએ.



(તસવીર : મગનજી વણઝારા)

## ગઢ-વાસણા માર્ગ પર બનતા પુલના કામમાં ગેરરીતિની રાડ

ડીસા, તા. ૨૭

પાલનપુર તાલુકાના ગઢથી વાસણા વચ્ચે પસાર થતા શેકારીયા વ્હોળામાં આ પંથકના આગેવાનોની જાગૃતિને કારણે પુલનું કામકાજ પૂર્ણ થવા પર છે પરંતુ આ નાળાના કામમાં બોગસ માલ વપરાયો હોવાનું આગેવાનો દ્વારા જાણવા મળી રહ્યું છે ત્યારે શેકરીયા વ્હોળાના ધસમસતા પ્રવાહ અને ઉપર પસાર થતા વાહનો વચ્ચે આ નાળુ કેટલો સમય ટકશે તે સવાલ પેદા થયો છે.

પાલનપુર તાલુકાના છેવાડાના ગામ વાસણી (ગઢ)ને જોડતા માર્ગ વચ્ચે શેકારીયા વ્હોળો પસાર થાય છે. આ વ્હોળા પર બનાવેલી રપટ ભૂતકાળમાં બબ્બે વખત તુટી જવા પામી છે. ત્યારે છેલ્લા સાત વર્ષથી રપટ તુટેલી હાલતમાં હતુ અગ્રણીઓ દ્વારા વારંવાર રજૂઆતો કરી પુલનું કામકાજ મંજુર કરાવ્યું છે અને પુલ પૂર્ણ થવાના આરે છે. પરંતુ તેમાં વપરાયેલ માલ બોગસ હોવાની ફરીયાદો ઉઠી રહી છે. ભૂતકાળમાં રપટના બોગસ કામથી લોકોને સાત વર્ષ સુધી મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો હતો ત્યારે આ વખતે પણ જો સાચેજ પુલનું કામકાજ બોગસ થયું હશે તો ફરી એ જ પરિસ્થિતિનું નિર્માણ થઈ શકે તેમ છે. એટલે આ બાબતે જિલ્લા પંચાયત બાંધકામ વિભાગ દ્વારા સત્વરે તપાસ હાથ ધરવામાં આવે અને સાચેજ કામ બોગસ હોય તો જવાબદારો સામે કાયદેસરના પગલાં ભરવામાં આવે તેવી લોકમાંગ પ્રવર્તી રહી છે.

## બનાસકાંઠા કોંગ્રેસમાં કારોબારી સદસ્ય અને બક્ષીપંચ મોરચાના ઉપ પ્રમુખની વરણી

કાંકરેજ, તા. ૨૭

કાંકરેજ તાલુકાના ઉંબરી ગામના કોંગ્રેસના આગેવાન રામેશ્વર ખેતારામ



જોષીની બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસમાં કારોબારી સદસ્ય તેમજ અખેરાજસિંહ બેચરસિંહ વાઘેલાની બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ તરીકે વરણી કરાતા કોંગ્રેસ કાર્યકરો અને આગેવાનોમાં આનંદની લાગણી છવાઈ છે.

આગામી વિધાનસભાની ચૂંટણીમાં પડધમ વાગી રહ્યા છે ત્યારે કોંગ્રેસ દ્વારા બનાસકાંઠા જિલ્લાની તમામ બેઠકો પર વિજય મેળવવા અત્યારથી જ સંગઠન માળખાને મજબૂત કરવાનું કામ યુદ્ધના ધોરણે શરૂ કરાયું છે. જેમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ બાદરસિંહ વાઘેલા, જિલ્લા કોંગ્રેસ બક્ષી મોરચાના અધ્યક્ષ હમીરજી ઠાકોર, કોંગ્રેસ મહામંત્રી અણદુભા ડાભી અને દલસુખભાઈ પ્રજાપતિના પ્રયાસોથી બન્ને મહાનુભાવોની વરણી કરાતા આગામી ચૂંટણીમાં તેના મીઠા ફળ મળશે તેવા સંજોગ પ્રાપ્ત થયા છે.

## બદામકંપા દૂધ મંડળીના હોદેદારોની વરણી

તલોદ, તા.૨૭

તલોદ તાલુકાના બદામકંપા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની વ્યવસ્થાપક કમિટિની યોજાયેલ બેઠકમાં હોદેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. સર્વાનુમતે થયેલ બિનહરીફ વરણીમા ચેરમેન પદે હરેશકુમાર પટેલ, વાઈસ ચેરમેન પદે ચંદ્રકાન્ત પટેલ અને સેક્રેટરી પદે દશરથકુમાર પટેલનો સમાવેશ થાય છે.

## તલોદ તાલુકા પંચાયતમાંથી બદલી થતા ટી.ડી.ઓ.નો વિદાય અને નવા આવનાર ટી.ડી.ઓનો સત્કાર સમારંભ યોજાયો

તાજપુર કેમ્પ, તા.૨૭

તલોદ તાલુકા પંચાયતના ટી.ડી.ઓ.ની બદલી થતા તેમનો વિદાય અને તાલુકા પંચાયતના નવા ટી.ડી.ઓ હાજર થતા તેમનો સત્કાર સમારંભ તાલુકા પંચાયતના સભાખંડમાં યોજાયો હતો.

તલોદ તાલુકા પંચાયત કચેરીમાંથી ટી.ડી.ઓ. વિનોદભાઈ સુથારની બદલી ગોધરા ટી.ડી.ઓ. તરીકે થઈ છે. જયારે તલોદ તાલુકા પંચાયતના નવા ટી.ડી.ઓ. ઈશ્વરભાઈ પ્રજાપતિ હાજર થતા તેમનો વિદાય અને સત્કાર સમારંભ યોજાયો હતો તેમજ તલોદ તાલુકા પંચાયતના એકાઉન્ટન્ટ વિભાગમાંથી ખુબ જ સારી સેવા આપી નિવૃત્ત થયેલ પી.બી. પરમારનો પણ વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે પંચાયત પ્રમુખ બંસીધર મહેતા, ચેરમેન ભરતભાઈ, હઠીસિંહ ઝાલા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| અલ્તાફ શેખ | મોડાસા | ૯૯૯૮૮૯૮૬૭૮ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |
| રમેશચંદ્ર ચોકસી | શામળાજી | ૯૪૨૭૫૨૮૯૪૧ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.) | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર

મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન